મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૪૧ ટકા

ગાંધીનગર તાપમાન

રામનવમીએ શહેરમાં ભવ્ય રથયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળ દ્વારા આગામી તા. ૧લી એપ્રિલે ગુરુવારે રામનવમીના પવિત્ર પર્વે ભગવાન શ્રી રામના જન્મોત્સવ નિમિત્તે શહેરમાં ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રાનો પ્રારંભ સવારે ૯ કલાકે સેકટર-૨૧માં રાજરાજેશ્વર મહાદેવના મંદિરેથી થશે. જેની પુર્ણાહુતી સેકટર-૭ ખાતેના ભારતમાતા મંદિરે યોજાશે.

અયોધ્યામાં ભગવાન શ્રી રામની જન્મભૂમિ મંદિરનો ૪૯૨ વર્ષના અંતે ચુકાદો શ્રી રામ જન્મભૂમિની તરફેણમાં આવ્યો છે જેના અનુસંધાને ગાંધીનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ સંલગ્ન બજરંગ દળ તથા શ્રી રામનવમી રથયાત્રા સમિતી દ્વારા રામનવમીના પાવન પર્વે ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રાનો સેકટર-૨૧માં રાજરાજેશ્વર મહાદેવ મંદિરથી સવારે ૯ કલાકે પ્રારંભ થશે. જે પંચદેવ મંદિર, સે-૨૨ શોપિંગ સેન્ટર, સે-૨૯ જલારામ મંદિર, સે-૨૮ બ્રહ્માકુમારીઝ, સે-૨૭ ડીએસપી ઓફિસ, શિવશકિત મંદિર, સેકટર-૨૬ નવરાત્રી ચોક થઈને બપોરે સેકટર-૨૫ સંતોષી માતાના મંદિરે ભોજન સમારંભ માટે વિરામ લેશે. આ પછી સેકટર-૨૪માં પીળા પટ્ટામાં હનુમાન મંદિર, ઈન્દિરાનગર, સે-૧૫ આઈટીઆઈ, ફતેપુરા ગામ, સેકટર-૧૪ શોપીંગ સેન્ટર, મહાત્મા મંદિર, સે-૧૩ જય અંબે પરિવાર, એમઆરએફ ટાયર, સેકટર-૫ શિવશકિત મંદિર, મહાકાલી મંદિર, સે-૪ ગોગા મહારાજ મંદિર, હનુમાનજી મંદિર, ઓમકારેશ્વર મંદિર, સે-૩ અંબાજી માતાના મંદિર, સેકટર-૨માં મહુડી મંદિર થઈને યાત્રાની પુર્ણાહુતી સેકટર-૭-એમાં ભારતમાતા મંદિર યોજાશે. આ પાવન પર્વે ભગવાન શ્રી રામ જન્મોત્સવ નિમિત્તે યોજાનારી ભવ્ય રથયાત્રામાં સામેલ થવા શહેરીજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતી ખાનગી બસ સર્વિસનો ઘણા મુસાફરો લાભ લઈ રહ્યા છે. આ બસ સર્વિસ ચલાવતી યોગી એજ્યુટ્રાન્ઝીટ દ્વારા સેવા અભિવાદન કાર્યક્રમ સેકટર-૬ના બસ સ્ટેન્ડ ખાતે યોજાયો હતો. બસ સર્વિસ સુપેરે ચાલે તે માટે કાર્ય કરતા કર્મીઓને આ અવસરે બિરદાવાયા હતા.

પેથાપુરના વેપારીને વાતોમાં ભોળવીને ૫૦ હજાર લઈ ઠગ ટોળકી ફરાર

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર ખાતે વેપારીના ૫૦ હજાર રૂપીયા લઈને ટોળકી ફરાર થઈ ગઈ છે. કારમાં સવાર ચાર વ્યકિતએ વેપારીને વાતોમાં ભોળવીને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ એક શખ્સે અરબ દેશમાંથી આવ્યો હોવાનું કહીને ભારતીય કરન્સી જોવાનું કહયુ હતું. જેને પગલે વેપારીએ પોતાની પાસે રહેલા રૂપીયામાંથી ૫૦ હજારનું બંડલ જોવા માટે આપતા જ ઠગ ટોળકી એ ગાડી દોડાવી મુકી હતી. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેથાપુર શ્રીનાથ સોસાયટી ખાતે રહેતા કિર્તીલાલ મગનલાલ પરમાર (ઉં.વ.૫૬)ની સાથે અજીબો ગરીબ ઘટના બની છે. તેઓ છુટક ચા ની પત્તીનો વેપાર કરે છે. બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે તેઓ કપડાની થેલીમાં ૨.૩૭ લાખ રૂપીયા લઈને બેંક ઓફ ઈન્ડીયાની પેથાપુર શાખામાં ભરવા માટે જઈ રહ્યા હતા. આ સમયે એક કારમાં બેઠેલા ઈસમે વેપારીને બોલાવીને જમવાનું કયા મળશે તેવું પુછપરછ કરી હતી. ત્યારબાદ અંગ્રેજી-હીન્દી ભાષામાં વાતચીત શરુ કરી હતી. વાતચીત દરમિયાન આ શખ્સે હુ અરબ દેશનો છુ કહીને ફોરેન કરન્સી બતાવી હતી. જે બાદ આ શખ્સે વેપારીને ઈન્ડીયન કરન્સી કેવી હોય છે બતાવો કહ્યું હતું. જેથી વિશ્વાસમાં આવી ગયેલા વેપારીએ થેલીમાં રહેલા રૂપીયામાંથી ૫૦ હજારનુ બંડલ જોવા માટે હાથમાં આપ્યું હતું. બંડલ હાથમાં આવતા જ ઠગ ટોળકીએ ગાડી દોડાવી મુકી હતી. બનાવ અંગે પોલીસે ચોરી અને ઠગાઈનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કારમાં આવેલી બે ગઠીયા સાથે પાછળની સીટ પર બે મહિલાઓ બુરખો પહેરીને બેઠી હતી. જેથી સામેવાળા ગઠીયાઓની વાતો ખોટી ન લાગે કે કોઈ શંકા ન જાય. જયારે ડ્રાઈવીંગ સીટ પર બેઠેલો યુવક આશરે ૪૦ વર્ષિય અને ઘઉવર્ણનો લાગી રહ્યો હતો. જયારે બાજુમાં બેઠેલો યુવક આશરે ૨૦ વર્ષિય વિદેશી હોય તેવો લાગી રહ્યો હતો.

પોતાની સગી બહેનના ઘરે સોનાના દાગીનાની ચોરી કરનાર બહેન ઝડપાઈ

પૈંડામાં ઘેનની ગોળી ખવડાવી ચોરીને અંજામ આપ્યો

ગાંધીનગર, તા.૧૩

કોબા મહાવીર હિલ્સ ખાતે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. પોતાની સગી બહેનના ઘરે સોનાના દાગીના તેમજ રોકડ રૂપીયાની ચોરી કરનાર મહિલાને ગાંધીનગર એલસીબી પોલીસે રૂ. ૧૧,૬૭,૯૬૫ ના મુદ્દામાલ સાથે પકડી પાડી હતી. પોતાની સગી બહેનના ઘરે ખાતર પાડનાર મહિલાએ પૈંડામાં ઘેનની ગોળી ખવડાવી ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે. એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં ઈન્ફોસીટી પોલીસ મથકનો ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખી મહિલા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.બી.વર્મા અને વુ.એએસઆઈ જાગૃતિબા, અ.પો.કો.વિજયસિંહ, રાજવીરસિંહ, વુ.લો.ર. હેતલબેન, કૈલાસબા, સહિત ટીમના સભ્યો કલોલ શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પો.કો.રાજવીરસિંહ અને વિજયસિંહને સંયુકત રીતે બાતમીને આધારે સ્ટેશન રોડ વિષ્ણુ સિનેમા પાસેથી સોનલબેન શૈલેશભાઈ પ્રજાપતિ (રહે.જુના ચોરા, ગંજીવાસ, કલોલ, મુળ રહે. ઈસંડ ગામ, પ્રજાપતિ વાસ તા.કલોલ, જી. ગાંધીનગર) શકમંદ હાલતમાં પકડી પાડ્યા હતા. પોલીસને મહિલા પાસે રહેલી પ્લાસ્ટીકની થેલીમાંથી રૂ.૫.૫૦ લાખ રોકડા મળી આવ્યા હતા. પોલીસે રૂપીયા અંગે પુછતાછ કરતા મહિલા સંતોષકારક જવાબ આપી શકી ન હતી, જેથી પોલીસે રૂપીયા કબ્જે કરીને મહિલાની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે આજથી દોઢ-બે માસ અગાઉ ગાંધીનગર કોબા પાસે મહાવીર હિલ્સ મકાન નં. બી.૪૦૩ પાંડવવાડી ખાતે પોતાની સગી બહેન રહે છે, જેના ઘરે અવરજવર કરતી હતી. આ દરમિયાન પોતાની સગી બહેનને પૈંડામાં ઘેનની ગોળી ખવડાવી બેભાન ઘરમાંથી સોનાના દાગીનાની ચોરી કરી હતી અને તે દાગીના સોનીને ત્યાં વેચી દઈને તેના બદલામાં તેને રોકડા રૂપીયા મળ્યા હતા. જે રોકડા રૂપીયામાંથી અમુક રકમ તેના મકાન માલિકને ત્યાં સાચવવા માટે આપ્યા હતા અને બાકીની રકમ પોતાની પાસે રાખી હતી. જેથી એલસીબી પોલીસે મકાન માલિક પાસેથી ૨ લાખ તેમજ સોની પાસેથી રૂ.૪,૧૭,૯૬૫ ના દાગીના કબ્જે કર્યા છે. પોલીસે સાડા અગીયાર તોલા સોનાના દાગીના તેમજ રોકડ રૂ.૧૧,૬૭,૯૬૫ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બ્રહ્માકુમારી સે-૨૮ ખાતે સવારે વિશિષ્ટ કસરતનું માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સેવા કેન્દ્ર બ્રહ્માકુમારી સે-૨૮ ખાતેના પીસપાર્કના હોલમાં તા. ૧૪ માર્ચથી ૨૦ માર્ચ દરમિયાન સવારે ૭.૧૫ થી ૮ વાગ્યા સુધી નગરના જાણીતા એમ.ડી. ડૉ. રાજીવ હર્ષ દ્વારા શારિરીક કસરત કરાવાશે. આ કસરતો ખાસ શારિરીક દુખાવો, જોઈન્ટ પેઈન દુર કરવા તથા ઈમ્યુનીટી વધારવા સાથે ફીટનેસ જાળવવામાં ઉપયોગી નીવડશે. શહેરીજનોને આ માર્ગદર્શનનો લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને એસ.ટી.ડેપો ગાંધીનગર દ્વારા તા. ૧૩ માર્ચના રોજ કોરોના વાયરસ જનજાગૃતિના ભાગરૂપે એસ.ટી. ડેપો ખાતે ડ્રાયવર અને કંડકટરો માટે માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોરોના વાયરસ અંગે સાવચેતી વિશે ડૉ.હાર્દિક દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એસ.ટી.ડેપો મેનેજર હાર્દિક રાવલ તથા લાયન્સ પ્રમુખ રાજગૌડા અને લાયન્સ સભ્યોનો પૂરતો ફાળો રહ્યો હતો.

'ત્રિદલ'ના ઉપક્રમે રવિવારે પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૩

'ત્રિદલ'ના ઉપક્રમે જાહેર જીવનના સાથી કુટુંબ વત્સલ પ્રો. ડૉ. કરસનદાસ સોનેરીના જીવન કવન પર આધારિત પુસ્તક 'ઈડરિયા ગઢનો અજવાસ'નો લોકાર્પણ કાર્યક્રમ તા. ૧૫મી માર્ચના રવિવારે સવારે સાડા નવ કલાકે બ્રહ્માણી કૃપા હોલ સેકટર-૨૩ કડી સાર્વજનિક કેળવણી મંડળના પરિસરમાં યોજાશે. જાણીતા પત્રકાર ચિંતક પ્રકાશ શાહ, ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, વરિષ્ઠ પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ, ડૉ. કેશુભાઈ દેસાઈ, ડૉ. દલપતભાઈ પઢિયાર ઉપસ્થિત રહેશે.

ગાંધીનગરના બે યુવાનોનું ગુજરાત ફીટનેસ કાર્નિવલ-૨૦૨૦માં પાવર લીફટીંગમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના યુવાનો ફીટનેસ અને બૉડી બિલ્ડીંગ બાબતે સજાગતા કેળવતા જાય છે. આજ રીતે કેટલાક યુવાનો પાવર લીફટીંગ જેવી રમતોમાં પણ શહેરનું વિવિધ રીતે પ્રતિનિધિત્વ કરતા જોવા મળી રહ્યા છે. તાજેતરમાં વડોદરાના માંજલપુર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલી ગુજરાત ફીટનેસ કાર્નિવલ ૨૦૨૦માં ગાંધીનગરના બે યુવાનો વિવિધ કમે વિજેતા બન્યા છે.

વડોદરાના માંજલપુર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે તા. ૮મી માર્ચના રોજ યોજાયેલી ગુજરાત ફીટનેસ કાર્નિવલ-૨૦૨૦માં ગાંધીનગર ખાતેના હાઈપર ટ્રોફી જીમના વીર ચૌધરીના માર્ગદર્શનમાં તૈયાર થયેલ જીમ ટ્રેનર આકાશ પટેલે પાવર લીફટીંગમાં દ્વિતિય કમે વિજેતા બની સિલ્વર મેડલ સાથે પ્રમાણપત્ર અને રોકડ ઈનામ પણ જીત્યું છે. આ ઉપરાંત ટ્રેઈની કિરણકુમાર સોલંકીએ પાવર લીફટીંગમાં પાંચમા કમે સ્થાન મેળવી પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે. આમ, ગુજરાત ફીટનેસ કાર્નિવલ ૨૦૨૦માં પ્રથમ પાંચમા ગાંધીનગરના બે યુવાનોએ પોતાના સ્થાન અંકિત કર્યા છે. બંને યુવાનોએ પોતાના જીમ સાથે શહેર સાથે સમાજનું નામ પણ રોશન કર્યું છે જેમને તેમના માતા-પિતા, મિત્રો અને જીમ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

જીમખાના સે-૨૧ ખાતે નાગરીકોના સુખાકારી અભિયાન અંતર્ગત માઈન્ડ રીપ્રોગ્રામીંગ ઈન્સ્ટોલેસન કીટનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન યોગાચાર્ય ખીમજીભાઈ પરમાર દ્વારા યોગસાધનાથી જીવન જીવવાની સમજૂતી અપાઈ હતી તથા હોલેસ્ટીક લાઈફ કોચ ચિરાગ જાની દ્વારા નાગરિકોને ૨૧મી સદીમાં તન, મન અને ધનની જીવવાની જડીબુટ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરીજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ચિરવિદાય

- સ્વ. મનુજી લક્ષ્મણજી બિહોલા, ઉ.વ. ૬૦
- સ્વ. બિહોલા ભુપેન્દ્રસિંહ જસવંતસિંહ, ઉ.વ. ૫૦
- સ્વ. પટેલ ગીરીશકુમાર રમણજી, ઉ.વ. ૪૨
- સ્વ. ઠાકોર જડીબેન સોમાજી, ઉ.વ. ૬૨
- સ્વ. દરજી જશોદાબેન રમણભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. રમણભાઈ ગોવિંદભાઈ પટેલ, ઉ.વ. ૭૩

નટરાજ ડાન્સ એકેડેમી દ્વારા યોજાયેલ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરતનાટયમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

સે-૬ સ્થિત શોપિંગ કોમ્પ્લેક્ષની સામેની બાજુની સેન્ટ્રલવર્જની જાળી થોડી તૂટીને રોડની બાજુએ નમી ગઈ હોવાથી વાહનચાલકોને તે નડી રહી છે સાથે અકસ્માત થવાનો ભય સર્જાઈ રહ્યો છે. આ સંભવિત અકસ્માતના ભયથી શહેરીજનોની આ રોડની બાજુ નમેલી જાળીની મરંમત કરાવવા માંગ.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

અંગ્રેઝી મીડિયમ
૧૦.૨૫,૧૧.૩૦, ૧.૩૦, ૨.૩૫, ૪.૩૫, ૫.૪૦, ૭.૪૦, ૮.૪૫, ૧૦.૪૫

બ્લડ શૂટ
૧૦.૧૦, ૧૨.૩૫, ૩.૦૦, ૮.૨૦, ૧૦.૪૫

બાઘી-૩
૯.૫૫, ૧.૦૦, ૪.૦૫, ૫.૨૦, ૭.૧૦, ૧૦.૧૫

થપ્પડ
૭.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૦.૫૫, ૪.૧૫, ૧૦.૦૦

શુભ મંગલ ઝ્યાદા સાવધાન
૧.૪૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

અંગ્રેઝી મીડિયમ
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૯.૪૫, ૧૦.૪૫

બાગી-૩
૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

ગોળ કેરી (ગુજરાતી)
૧.૧૦, ૭.૩૦

બ્લડ શુટ
૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સિટી પલ્સ, કુડાસણ

અંગ્રેઝી મીડિયમ
૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બ્લડ શૂટ
૧૦.૧૫, ૧૨.૩૦, ૫.૩૦, ૭.૪૫

બાઘી-૩
૨.૪૫, ૬.૩૦, ૧૦.૦૦

થપ્પડ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૭.૦૦

@ગાંધીનગર

● એકટીવ વુમન્સ કલબ તથા સ્નેહ કલાવૃંદ દ્વારા બપોરે ૨ થી ૫ દરમિયાન સરગાસણ સ્થિત ટ્વિન બ્રધર્સ પીઝા એન્ડ કાફે ખાતે ફેમિલી હાઉસી યોજાશે.

સપ્તદેવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૩માં હોલિકા ઉત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સપ્તદેવ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર સેકટર-૩-સી ખાતે વૈદિક હોળીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વાતાવરણ પવિત્ર અને નાનાવિધ વાયરસ સામે રક્ષા કવચ બને તે માટે હોલિકામાં ગુગળ, સરસવ તેલ,લીમડાના પાન, ગાયનુ છાણ-ઘી કપુરની હવનમાં આહુતી આપવામાં આવી હતી. ધાર્મિક મંત્રોચ્ચાર, વિષ્ણુ સ્તુતિથી વાતાવરણ પવિત્ર બનાવીને હોળી પ્રગટાવવામાં આવી હતી.

પંચદેવ મંદિર ખાતે ભાગવત કથા જ્ઞાનયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

પંચદેવ મંદિર વડમંડળ સે-૨૨ દ્વારા શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ તા. ૧૬ માર્ચથી ૨૨ માર્ચ દરમિયાન બપોરે ૩ થી ૬ દરમિયાન યોજાશે. નીલકંઠ શાસ્ત્રીની વ્યાસપીઠે ભાગવત કથા સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે યોજાનાર છે. જે અંતર્ગત પોથીયાત્રા તા. ૧૬ને સોમવારે સવારે ૯.૩૦ વાગ્યે મંગુબા કાંતિભાઈ પટેલના નિવાસસ્થાન ૫૮૫, વાસ્તુનિર્માણ સોસાયટી સે-૨૨ ખાતથી પ્રારંભાશે. શહેરીજનોને આ કથાનો લાભ લેવા પંચદેવ મંદિર વડમંડળ દ્વારા જણાવાયું છે.